# ભૂવાસણની ફેક્ટરીને આરોગ્ય વિભાગની નોટિસ

**ગેરકાયદે** દબાણ તેમજ પ્રદૂષણ મામલે ગ્રામજનોના ઉગ્ર વિરોધ બાદ જીપીસીબીએ પણ નમૂના લીધા



બારડોલી: બારડોલીના ભૂવાસણમાં તરભોણ પાટિયા પાસે આવેલી ફેક્ટરીઓ દ્વારા કરવામાં આવેલાં ગેરકાયદે દબાણ તેમજ પ્રદૂષણ મામલે ગ્રામજનોના ઉગ્ર વિરોધ વચ્ચે ગુરુવારે આરોગ્ય વિભાગ દ્વારા પણ એક મિલને ગંદકી બાબતે નોટિસ આપવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમ પણ સ્થળ પર આવી હતી અને જરૂરી સેમ્પલ લઈ રોજકામ કર્યું હતું.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી-નવસારી રોડ પર તરભોણ પાટિયા પાસે ચોમાસામાં ભારે વરસાદ બાદ પાણી ભરાવો થતાં હાઈવે પર વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. આ મામલે આજુબાજુનાં દસથી વધુ ગામના લોકોમાં વિરોધનો સૂર ઊઠતાં તંત્ર દ્વારા ફેક્ટરી માલિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી અને રોડની બાજુમાં બનાવવામાં આવેલ દીવાલ તેમજ માટી પુરાણ દૂર કરવામાં આવ્યું હતું. દબાણ ઉપરાંત ગ્રામજનો દ્વારા પ્રદૂષણની પણ ફરિયાદો ઊઠી હતી. લોકોનું આરોગ્ય જોખમાતાં આરોગ્ય વિભાગ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમ પણ સક્રિય થઈ હતી. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સ્કાઈવીન નામની કંપનીને નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, ફેક્ટરીની મુલાકાત દરમિયાન ઘણી જગ્યાએ પાણીનો ભરાવો તેમજ ખુલ્લી ગટરોમાં દુર્ગંધ મારતું પાણી જોવા મળ્યું હતું. તેમજ મચ્છરનાં બ્રિડિંગ પ્લેસ પણ જોવા મળ્યાં હતાં. પરિસરમાં પ્લાસ્ટિકનો કચરો પણ હોય આજુબાજુના ગ્રામજનો માટે જાહેર આરોગ્ય જોખમાઈ એવી સ્થિતિ જોવા મળી હતી. આથી આ મિલને નોટિસ આપી ગંદકી દૂર કરવા સૂચના આપવામાં આવી છે. જો તેમ ન કરવામાં આવશે તો ધારા ધોરણ મુજબ કાર્યવાહી કરવાની ચીમકી પણ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી છે.

### રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરાશે

પાણીના પ્રશ્નની સાથે સાથે ગ્રામજનોએ પ્રદૂષણની પણ ફરિયાદ કરતાં આજે ગુરુવારના રોજ સુરતથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની એક ટીમ પણ સ્થળ પર આવી હતી. અને જે કંપની સામે પ્રદૂષણના આરોપ છે તે કંપનીમાં તપાસ આદરી હતી. સ્કાયવિન અને નેક્સોન કંપનીની ટીમે મુલાકાત લીધી હતી. તે દરમિયાન દુર્ગંધની સાથે સાથે ગંદું પાણી પણ જોવા મળ્યું હતું. ટીમ દ્વારા પાણી સહિતના જરૂરી નમૂના લઈ રોજકામ કરવામાં આવ્યું હતું અને તે બાબતે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આગામી અઠવાડિયામાં રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

# કામરેજમાં તાપી કિનારે માટીના ધોવાણથી 200 પરિવારને જોખમ



વિશાલ પટેલ

**ભારે** વરસાદ શરૂ થતાં જ લોકો ઘરની બહાર નીકળી જવા મજબૂર બને છે

કામરેજ: કામરેજ તાલુકામાં તાજેતરમાં એક જ દિવસમાં નોંધાયેલા આશરે ૧૬ ઈંચ જેટલા અતિભારે વરસાદે સમગ્ર પંથકનું જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. અનેક ગામોમાં પાણી ભરાવા, રસ્તાઓ ધોવાઈ જવા અને ખેતીને વ્યાપક નુકસાન થવાની સાથે કામરેજ ગામના તાપી નદી કિનારે આવેલા માછીવાડા વિસ્તારમાં એક ગંભીર સંકટ ઊભું થયું છે. નદીના સતત ધોવાણને કારણે અહીં રહેતા ૨૦૦થી વધુ પરિવારોના મકાનો પર જીવલેણ જોખમ મંડાતા સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ છે.

તાપી નદીમાં પાણીની ભારે આવક થતાં કિનારાના વિસ્તારોમાં માટીનું ધોવાણ વેગવાન બન્યું છે. છેલ્લા બે દાયકાથી વસતા આ પરિવારોના ફળિયાની જમીન ધીમે-ધીમે ધસી રહી છે. અનેક સ્થળોએ જમીનમાં મોટી તિરાડો પડી ગઈ છે અને મોટો ભાગ નદીમાં સમાઈ ગયો છે. ધોવાણ હવે રહેણાક વિસ્તાર સુધી પહોંચી જતાં રાત્રિના સમયે ભારે વરસાદ શરૂ થતાં જ લોકો ઘરની બહાર નીકળી જવા મજબૂર બને છે. તાજેતરમાં જ જમીન ધસવાને કારણે એક પરિવારને પોતાનું મકાન ખાલી કરીને અન્યત્ર આશરો લેવો પડ્યો છે. સ્થાનિકો છેલ્લા ઘણા વર્ષોથી નદી કિનારે રક્ષણાત્મક પાળો અથવા મજબૂત દીવાલ બનાવવાની માંગ કરી રહ્યા છે. ગ્રામ પંચાયતથી લઈને જિલ્લા કક્ષાએ અનેક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. વહીવટી તંત્ર દ્વારા જો સમયસર રક્ષણાત્મક કામગીરી હાથ ધરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં મોટી દુર્ઘટના અને જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવો રોષ સ્થાનિકોએ વ્યક્ત કર્યો છે.

### ડોસવાડા ડેમ છલોછલ થતાં સોળે કળાએ ખીલી ઊઠ્યો



સોનગઢ: ચોમાસાની ચાલુ સિઝનમાં તાપી જિલ્લામાં નોંધાયેલા સતત વરસાદના પરિણામે સોનગઢ તાલુકાનો ઐતિહાસિક ડોસવાડા ડેમ તેની મહત્તમ સપાટી વટાવીને સંપૂર્ણ ભરાઈ ચૂક્યો છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તરફથી મળતી સત્તાવાર માહિતી અનુસાર તા.૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ કલાકની સ્થિતિએ ડેમની વર્તમાન જળસપાટી (PWL) ૧૨૩.૪૬ મીટર નોંધાઈ છે, જે તેની ભયજનક સપાટી (FRL) ૧૨૩.૪૪ મીટર કરતાં ૦.૦૨ મીટર વધુ છે. ચાલુ મોસમમાં અત્યાર સુધી અહીં કુલ ૫૨૭ મિલીમીટર જેટલો નોંધપાત્ર વરસાદ વરસી ચૂક્યો છે, જેના કારણે ડેમમાં પાણીનો જીવંત સંગ્રહ 3.33 MCM થઈ જતાં ડેમ અત્યારે ૧૦૦ ટકા ક્ષમતા સાથે છલોછલ ભરાઈ ગયો છે. હાલમાં ઉપરવાસમાંથી ડેમમાં ૫૮.૦૦ ક્યુસેક પાણીની સતત આવક થઈ રહી છે, જેની સામે ડેમ સંપૂર્ણ ભરાયેલો હોવાથી એટલી જ માત્રામાં એટલે કે ૫૮.૦૦ ક્યુસેક પાણી ડેમની ક્રેસ્ટ પરથી ૦.૦૨૫ મીટરની ઊંચાઈએથી ઓવરફ્લો (જાવક) થઈને નદીમાં વહી રહ્યું છે. ડેમમાં હાલ કુલ જળસંગ્રહ ક્ષમતા ૩.૪૩ MCM છે. ડેમ ઓવરફ્લો થતાં વહીવટી તંત્ર દ્વારા નદી કિનારાના નીચાણવાળા વિસ્તારો અને સંબંધિત ગામોના નાગરિકોને નદી કિનારે ન જવા તથા સાવધ રહેવા સત્તાવાર સૂચના આપવામાં આવી છે.

## વહેવલમાં કાર-મોપેડ અથડાતાં એકનું મોત

અનાવલ: અનાવલના વહેવલ ગામની સીમમાં સદાફલ આશ્રમ નજીક સિણધઈ તરફથી રોંગ સાઈડમાં પૂરઝડપે આવી રહેલી કાર નં.(GJ-05-CE-3020)ના ચાલકે સામેથી આવતી મોપેડ નં.(GJ-21-DG-4532)ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોપેડ સવાર સિણધઈના દંપતીમાંથી પત્ની પન્નાબેન પટેલનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે પતિ સુમનભાઈ પટેલ (ઉં.વ.56) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ અજાણ્યો કારચાલક પોતાના વાહન સાથે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના અંગે અનાવલ પોલીસે મૃતકના પતિની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# નર્મદા ડેમની સપાટીમાં ફરી વધારો, ડેમ 65.30% ભરાયો



દીપલ સોની

રાજપીપળા: મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થઈ રહેલા ભારે વરસાદને પગલે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની સતત આવક થઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની જળસપાટીમાં ૧૨ સેન્ટીમીટરનો વધારો નોંધાયો છે, જેનાથી ડેમની હાલની સપાટી ૧૨૬.૭૫ મીટરે પહોંચી ગઈ છે. હાલમાં નર્મદા ડેમમાં પાણીની કુલ આવક ૩૩,૫૮૧ ક્યુસેક થઈ રહી છે. તેની સામે નદીમાં ૬૩૧ ક્યુસેક અને કેનાલમાં ૮,૩૩૯ ક્યુસેક મળીને કુલ ૮,૯૭૦ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. ડેમનો ગ્રોસ સ્ટોરેજ ૬,૧૭૭ MCM (મિલિયન ક્યુબિક મીટર) છે અને ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની ભરપૂર આવકને કારણે હાલ નર્મદા ડેમ ૬૫.૩૦% જેટલો ભરાઈ ગયો છે, જે ગુજરાત માટે રાહતના સમાચાર છે.

# કીમ નદીના તટે મુકાયેલી કરોડો રૂપિયાની મશીનરી પાણીમાં ગરકાવ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: તાજેતરમાં કીમ નદી પર ત્રીજો નવો ઓવરબ્રિજ બની રહ્યો છે. જેના કામકાજ માટે કીમ નદીના તટે મોંઘીદાટ મશીનરી ક્રેન અને ટ્રકો મૂકવામાં આવી હતી. ત્યારે તાજેતરમાં મુશળધાર વરસાદને કારણે ઉપરવાસમાંથી કીમ નદીમાં પાણી આવતાં કરોડો રૂપિયાની ક્રેન અને લાખો રૂપિયાની ટ્રક પાણીમાં ગરકાવ થઈ જતાં તંત્રની બેદરકારી સામે આવી હતી. છેલ્લા 8 દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે ચારેકોર પાણી જોવા મળ્યા હતા. ત્યારે કીમ નદીમાં પણ પાણી આવવાની શક્યતા હોવા છતાં તંત્રના અધિકારીઓએ આ મશીનરીને ઊંચાઈ પર મૂકવામાં કયાં કારણોસર લાપરવાહી દાખવી તે તપાસનો વિષય છે.

# તાપીનાં વિવિધ પોલીસ સ્ટેશનમાં પકડાયેલા દારૂનો નાશ કરાયો



વ્યારા: તાપીમાં તા.1 જાન્યુઆરી-2026થી 31 મે-2026 સુધીમાં 5 મહિનાના સમયગાળા દરમિયાન જિલ્લાના વ્યારા, વાલોડ, ડોલવણ, કાકરાપાર, સોનગઢ અને ઉકાઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ દ્વારા પકડવામાં આવેલો કુલ રૂ.67,48,833નો પ્રોહિબિશન મુદ્દામાલ વ્યારા પ્રાંત અધિકારીની હાજરીમાં નષ્ટ કરવામાં આવ્યો હતો.

# હરિપુરા-ઉમરસાડી બ્રિજ નિર્માણમાં ભ્રષ્ટાચાર: કોંગ્રેસની તપાસની માંગ

બારડોલી: બારડોલીના હરિપુરાથી માંડવી તાલુકાના ઉમરસાડીને જોડતા તાપી નદી પરના ૭૨ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા હાઈ લેવલ બ્રિજમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયાની ગંભીર ફરિયાદ ઊઠી છે. બારડોલી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો.અનુપ પી. વ્યાસ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરુણકુમાર જે. વાઘેલા દ્વારા સુરત કલેક્ટર અને બારડોલી મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે કોન્ટ્રાક્ટર, અધિકારીઓ અને રાજકારણીઓની મિલીભગતને કારણે બ્રિજના નિર્માણમાં હલકી



કક્ષાનું મટિરિયલ વાપરવામાં આવ્યું છે, જેના પરિણામે ઉદઘાટન પહેલા જ બ્રિજમાં અસંખ્ય તિરાડો પડી ગઈ છે અને એપ્રોચની સાઈટ્સ ધોવાઈ ગઈ છે. બ્રિજની ડિઝાઈન પણ ક્ષતિપૂર્ણ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. બ્રિજની ઊંચાઈ વધુ હોવાથી સુરક્ષા માટે જાળી લગાવવી અત્યંત આવશ્યક હોવાનું પણ પત્રમાં જણાવાયું છે. જો જવાબદાર અધિકારીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવા અને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ નહીં કરાય તો આંદોલન, ભૂખ હડતાળ કે રસ્તા રોકો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. એટલું જ નહીં આ પ્રશ્ન તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવા માટે પણ મામલતદારને લેખિત રજૂઆત કરી છે.

## અરેઠ-નોગામા માર્ગ પર કારની અડફેટે બે બાઈક સવાર ફંગોળાયા

માંડવી: અરેઠના વદેશીયા-નોગામા માર્ગ પર બે બાઈક અને એક ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી ઈકો કારના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતાં તે ફંગોળાઈ ગઈ હતી, જ્યારે પાછળથી આવતી અન્ય એક બાઈક પણ તેની ઝપેટમાં આવી ગઈ હતી. આ ઘટનામાં મહિલા અને બાળકો સહિત ત્રણ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત બાદ ઈકો ચાલક વાહન સાથે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિકોએ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા. તડકેશ્વર પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડના દોડકિયા ગામે નદીમાં તણાયેલા બે મૃતકના પરિવારોને સહાય



વાલોડ: વાલોડના દોડકિયા ફળિયામાં નદીમાં તણાઈ જવાથી અકાળે અવસાન પામેલા નિતેશ દિલિપભાઈ ચૌધરી અને કમલેશભાઈ ખંડુભાઈ ચૌધરીના પરિવારજનોની સ્થાનિક ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ રૂબરૂ મુલાકાત લીધી હતી. ધારાસભ્યએ શોકાતુર પરિવારોને મળીને સાંત્વના પાઠવી હતી અને સરકાર તરફથી મળવાપાત્ર સહાય પેટે કુલ રૂ.૮ લાખ (પ્રત્યેક પરિવારને રૂ.4 લાખ)ની આર્થિક સહાયના ચેક એનાયત કર્યા હતા. આ દુઃખદ પ્રસંગે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ ઊંડી સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ મુશ્કેલ સમયમાં સરકાર અને વહીવટી તંત્ર પીડિત પરિવારોની પડખે ઊભું છે.

### વડોલી પ્રાથમિક શાળાનાં બાળકોને યુનિફોર્મ અને ટ્રેક પેન્ટ-ટી શર્ટનું વિતરણ



વાંકલ: માંગરોળની વડોલી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોના સર્વાંગી વિકાસ અને પ્રોત્સાહન માટે એક વિશેષ સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. વડોલી શાળાનાં બાળકોને દાતાઓ તરફથી શાળાના યુનિફોર્મ તેમજ સ્પોર્ટ્સ માટે ઉપયોગી એવા ટ્રેકપેન્ટ અને ટી-શર્ટનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડોલી પ્રાથમિક શાળાનાં આચાર્યા દમયંતીબેન મહીડાએ શાળા પરિવાર અને બાળકો વતી તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### સોનગઢમાં લાકડાં ભરેલી ટ્રોલી પલટી જતાં પાલિકાની મિલકતને નુકસાન

સોનગઢ: સોનગઢ (દુમદા રોડ) પર આવેલા હેલિપેડ ગ્રાઉન્ડના યાર્ડમાંથી જે.કે. પેપર મિલ તરફ ઓવરલોડ લાકડાં વહન કરતું એક ટ્રેક્ટર ગઈકાલે ગૌશાળા નજીકથી પસાર થતી વખતે ઊંધું વળી ગયું હતું. આ ટ્રોલીમાં ક્ષમતા કરતાં ઘણો વધારે એટલે કે આશરે ૧૦થી ૧૧ ટન જેટલો લાકડાંનો મોટો જથ્થો અત્યંત જોખમી રીતે ભરવામાં આવ્યો હતો. ગૌશાળા પાસે પહોંચતા જ ભારેખમ ટ્રોલી પલટી મારી ગઈ હતી. આ અકસ્માતને કારણે નગરપાલિકા દ્વારા શહેરના સુશોભન અને સુરક્ષા અર્થે રસ્તા કિનારે લગાવવામાં આવેલી બ્યુટિફિકેશનની લોખંડની રેલિંગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ટ્રોલી પડવાને લીધે પાલિકાની આ સરકારી અસ્ક્યામતને ભારે નુકસાન પહોંચ્યું છે. સદનસીબે ઘટના સ્થળે કોઈ હાજર ન હોવાથી એક મોટી હોનારત થઈ ન હતી.

### બારડોલી સૃષ્ટિ મહિલા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની સાધારણ સભા મળી



બારડોલી: બારડોલીના જલારામ મંદિર હોલ ખાતે 'સૃષ્ટિ મહિલા કો. ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.' ની વાર્ષિક સાધારણ સભા પ્રમુખ દિવ્યાબેન પટેલના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ હતી. સભાની શરૂઆતમાં સહકારી ક્ષેત્રના દિવંગત અગ્રણીઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વર્ષ-૨૦૨૧માં નાનકડા પાયે શરૂ થયેલી આ મહિલા સંચાલિત સંસ્થાએ પાંચ વર્ષના ટૂંકા ગાળામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. પ્રમુખ દિવ્યાબેન પટેલે સંસ્થાની સિદ્ધિઓનો ચિતાર આપતા જણાવ્યું કે, શરૂઆતમાં માત્ર ૮ લાખનું શેર ભંડોળ આજે ૨૫ લાખને પાર કરી ગયું છે. સભાસદોના અતૂટ વિશ્વાસના પરિણામે સોસાયટી પાસે હાલમાં ૨૫ કરોડથી વધુની માતબર થાપણો જમા થઈ છે. સાધારણ સભામાં ચાલુ વર્ષનો ઓડિટ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. એજન્ડાનાં કામો સર્વાનુમતે મંજૂર કરાયાં હતાં.

### નવાગામમાં પશુ હેરાફેરી કરતાં બે ઝડપાયા



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ પોલીસે બાતમીના આધારે નવાગામ ઉદ્યોગનગર બ્રિજ નીચેથી એક પિકઅપ વાન નં.(GJ 05 CW 4576) ઝડપી પાડી હતી. આ વાહનમાં ઘાસચારા કે પાણીની સુવિધા વિના સાત પશુઓને મહારાષ્ટ્રના ધુલિયા કતલખાને લઈ જવાઈ રહ્યાં હતાં. પોલીસે લિંબાયતના કમરૂનગરના ચાલક ગફુર બસીર શેખ અને ક્લીનર સાબીર બસીર શેખની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે ભાઠેનાના સમીરે આ પશુઓ નવાગામ મંદિર પાસેથી મોકલ્યાં હતાં. પોલીસે ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર સમીરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### નનસાડ પાસે અચાનક ઢળી પડતાં વૃદ્ધનું મોત

કામરેજ: મૂળ અમરેલીના બાઢડાના અને હાલ કામરેજના નનસાડ સ્થિત મારુતિધામ સોસાયટીમાં રહેતા રિક્ષાચાલક વિનોદભાઈ લક્ષ્મણભાઈ પટેલ (ઉં.વ.૬૧)નું હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. સોસાયટીના ગેટ પાસે ભરાયેલા વરસાદી પાણી વચ્ચે પોતાની રિક્ષા હટાવતી વખતે તેઓ અચાનક ઢળી પડ્યા હતા. હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ તેમને મૃત જાહેર કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### નરેણ ગામે પશુપાલક તાલીમ યોજાઈ



હિતેશ પટેલ

માંડવી: કામધેનુ યુનિવર્સિટીના ૧૮મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે પશુ વિજ્ઞાન કેન્દ્ર-માંડવી (હાલમાં વ્યારા), પશુ સંશોધન કેન્દ્ર, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી નવસારીના સંયુક્ત ઉપક્રમે માંડવીના નરેણ ગામે 'નફાકારક પશુપાલન અને સ્વચ્છ દૂધ ઉત્પાદન' વિષયક તાલીમ કાર્યક્રમ તથા સહાય વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૮ પશુપાલકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પશુપાલકોને પશુપાલન સાહિત્ય, મિનરલ મિશ્રણ, લેક્ટીફેન્સ સોલ્યુશન, ટિટ ડીપ કપ તથા ડિવોર્મિંગ દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ડો.એસ.એમ.પ્રજાપતિ, ડો.એમ.પી.માઢવાતર સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.